| | |
|---|---|
| મળ્યા તારીખ | : ૦૯/૧૧/૨૦૨૨ |
| રજુ તારીખ | : ૦૯/૧૧/૨૦૨૨ |
| ફેંસલ તારીખ | : ૧૨/૧૧/૨૦૨૨ |
| સમયગાળો | : વર્ષ માસ દિન |
| કુલ | : ૦૪ |

**ફો.કેસ નં.૧૦૬૧/૨૦૨૨**
**આંક:–**

**શ્રી સરકાર.** :::::::::: :::::::::: **ફરિયાદી.**

**વિરૂધ્ધ**

**(૧) વિશાલભાઈ રમણીકભાઈ સેદાણી ઉ.વ.૩૬**

**(૨) વીરજીભાઈ લખમણભાઈ મેટાળીયા ઉ.વ.૪૦**

**(૩) મહેશભાઈ કાનાભાઈ રાઠોડ ઉ.વ.૩૩**

**(૪) સુરેશભાઈ ધનજીભાઈ મકવાણા ઉ.વ. ૩૬**

રહે.તમામ – બાબરા, તા.બાબરા, જી.અમરેલી ::::::: :::::::::: **આરોપી.**

**ગુન્હો :– જુગારધારાની કલમ– ૧૨ મુજબ.**

એડવોકેટસ :–
શ્રી સરકાર તરફે :– વિ.એ.પી.પી.શ્રી આર.પી.રાણા,
આરોપી તરફે :– વિ.વ.શ્રી એ.પી.સોલંકી

**–:: ઠ રા વ ::–**

૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુકમાં હકિકત એ મુજબની છે કે :–

આ કામના આરોપીઓ, તા: ૨૭/૧૦ / ૨૦૨૨ નાં રોજ કલાક: ૧૮–૦૦ થી ૧૮–૪૫ વાગ્યાના સુમારે મોજે: ગળકોટડી,તા.બાબરા મુકામે જાહેરમાં એકબીજા સાથે મળી જાહેર જગ્યામાં ગોળ કુંડાળુ વળી પત્તા પાનાનો હારજીતનો જુગાર પૈસા વડે રમી રમાડતા મળી આવતા હાલના આરોપીઓના નામ ઠામ પંચો રુબરુ પુછતા આરોપીઓ તરીકેનુ જણાવેલ તથા બનાવ સ્થળેથી રોકડા રૂ.૫૨૫૦/– તથા ગંજી પતાનાં પાના નંગ–૫૨ તથા સાથે નાં મુદ્દામાલ સાથે ફરીયાદી તથા તેમના સ્ટાફના માણસો અને પંચો સાથે મળી રેડ કરતાં આરોપીઓ

પત્તા પાનાનો જુગાર રમતા મળી આવી ગુન્હો કરેલ હોય,તેવા મતલબની ફરીયાદ, ફરીયાદીએ જુગાર ધારાની કલમ – ૧૨ મુજબની નોંધાવેલ ફરીયાદ બાબરા પોલીસ સ્ટેશનમાં આપતાં તેના આધારે – ૧૧૧૯૩૦૦૮૨૨૦૮૬૮/૨૦૨૨ થી ગુન્હો રજીસ્ટર થતાં, તેની તપાસ ત.ક. અમલદારે મળતાં, ત.ક.અમલદારે તપાસ સંભાળી, જરુરી સાહેદોના નિવેદનો લઈ આરોપીઓ વિરુધ્ધ જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો પુરતો પુરાવો મળી આવતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩ મુજબ, ચાર્જશીટ રજુ કરેલ છે. તથા આરોપીઓ કોર્ટમાં હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે.

આરોપીઓ આજ રોજ કોર્ટમાં હાજર થઈ તેમના વકીલશ્રી મારફતે આંક: ....... થી તેમની સામેના ગુન્હા અંગે કબુલાત પુરશીસ તથા આંક– ........... થી પ્લી રજુ કરી તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલ છે, તેઓ કોઈ કલેઈમ કરતા ન હોવાથી નો–કલેઈમ પુરશીસ આંક–.......... થી રજુ કરેલ છે, તેઓ ગરીબ હોય, બાળ બચ્ચાવાળા છે તેમના પર કુટુંબના ભરણપોષણનો આધાર છે તેમનો પ્રથમવારનો ગુન્હો તેમજ ફરીથી આવો ગુન્હો ન કરવાની ખાતરી આપે છે અને ગુન્હા બદલ પસ્તાવો વ્યકત કરી દયા કરવા અરજ કરેલ છે.

ગુન્હા કબુલાત અંગે, આરોપીને સાંભળવામાં આવતાં, આરોપીએ તેમના વકીલશ્રીની હાજરીમાં કોર્ટ સમક્ષ તેમની સામેના ગુન્હાની સ્વેચ્છાએ કબુલાત કરેલ છે, અને ઉપર મુજબ વિનંતિ કરેલ છે અને તેથી આરોપીને તેમની સામેના ગુન્હાની સજા વિશે સમજાવવામાં આવેલ છે તેમ છતાં કોઈપણ પ્રકારના દબાણ કે ધાક વિના ગુન્હાની કબુલાત ચાલુ રાખતા હોય, આજ રોજ લોક અદાલતમાં કબુલાત પુરશીશ આપી તેઓએ ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે.

આમ, હાલના આરોપીઓ એકબીજા સાથે મળી પત્તા પાનાનો હારજીતનો જુગાર જાહેર જગ્યામાં પૈસા વડે રમી રમાડતા, પત્તા પાના તથા દાવ પરની તથા અંગ ઝડતી માંથી રોકડ રકમ સાથે પોલીસની રેડ દરમ્યાન મળી આવી ગુન્હો કર્યાનુ પુરાવો લીધા સિવાય આપો આપ પુરવાર થતુ હોય, આરોપીઓને તેમની સામેના ગુન્હામાં તકસીરવાન ઠરાવવો જોઈએ.

હવે, આરોપીઓને સજા વિશે સાંભળતાં, આરોપીઓ તરફેથી મૌખિકમાં જણાવેલ

છે કે,આરોપીઓનો પ્રથમવારનો ગુન્હો છે અને આરોપીઓ ઉપર તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી રહેલ છે,તથા ગરીબ કુંટુંબના અને બાળ બચ્ચા વાળા હોય,તથા તેઓ એક માત્ર કમાનાર હોય, અને ગુન્હા બદલ પસ્તાવો વ્યકત કરી દયા કરી ઓછી સજા તથા ઓછો દંડ કરવા જણાવેલ છે તથા રુબરુમાં તેઓ પાસેથી કબજે લીધેલ રોકડ રકમનો કલેઈમ કરતા ન હોવાનુ પણ જણાવેલ છે જે અંગેની પુરશીસ આ કામે રજુ થયેલ છે, જેથી રોકડ રકમ સરકાર જમા કરાવવુ ઉચિત જણાય છે.

આમ,ઉપરોકત મુજબ આરોપીઓની ગુન્હા કબુલાતની તમામ વિગત જોતાં, આરોપીઓ સામેનો જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો ગુન્હો પુરવાર થતો હોય તેઓને કાયદામાં ફરમાવેલ સજા કરવુ જોઈએ પરંતુ,આરોપી ઓની સ્થિતિ, આરોપીઓની જવાબદારી ધ્યાને લેવામાં આવતાં, તથા પ્રથમવારનો ગુન્હો હોવાની હકિકત ધ્યાને લેતાં,આરોપીઓને તમામ ચર્ચા અંતે તકસીરવાન ઠરાવતો નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

:: હુ ક મ ::

૧) આ કામના આરોપીઓને તેમની સામેના, નોંધાયેલ,જુગાર ધારાની કલમ:૧૨, મુજબના ગુન્હામાં, ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૫૨, હેઠળ તકસીરવાન ઠરાવી દરેક આરોપીએ દંડ પેટે રૂા.૩૦૦/–(ત્રણ સો)પુરા પ્રમાણે દરેકે અલગથી ભરવાનો હુકમ કરવામાં આવે છે તથા જો આરોપી જો દંડ ન ભરે તો દિન:૧ ની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે આરોપીઓ રોકડ રકમ અંગે નો– કલેઈમ પુરશીશ રજુ કરતા હોય રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ ગંજી પત્તા પાનાનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૧૨મી, માહે–નવેમ્બર, સને, ૨૦૨૨ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મું.બાબરા
તારીખ :૧૨/૧૧/૨૦૨૨

(સંદિપ ચીમનભાઈ વાઘેલા )
GJ01572
જયુડી. મેજી. ફ. ક., બાબરા